ડીએમકે એ યુપીએ સાથે છેડો ફાડ્યો

ચેન્નાઈ,તા. ૧૯

કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારને આજે મરણતોળ ફટકો પડ્યો હતો. કારણ કે યુપીએ સરકાર સાથે છેડો ફાડી લેવાની કરુણાનિધીના નેતૃત્વમાં ડીએમકે દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. ડીએમકે યુપીએ સરકારમાંથી નીકળી જતાં રાજકીય ગરમી વધી ગઈ છે. ચેન્નાઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ડીએમકેના વડા અને તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કરુણાનિધીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર શ્રીલંકા સામે ઠરાવના મામલે તેમની માંગણી સ્વીકારવામાં નિષ્ફળ ગઈ છે. તેમની માંગણી તરફ ધ્યાન ન અપાતા આખરે યુપીએ સાથે છેડો ફાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કરુણાનિધીએ એમ પણ કહ્યું હતું કે યુપીએ સરકારને બહારથી ટેકો આપવાનો કોઈ પ્રશ્ન નથી. જો કે કોંગ્રેસને હજુ એક તક આપવાનો સંકેત આપીને કરુણાનીધિએ કહ્યું હતું કે જો યુપીએ સરકાર તેમની માંગણીને સ્વીકારી લેશે અને શ્રીલંકા સામે ઠરાવ ઉપર ફરી કામ કરશે તો તેમના શબ્દો

ઉપર ફેર વિચારણા કરવામાં આવશે. સંસદમાં ડીએમકેના ૧૮ સાંસદો છે. ગૃહમાં સંખ્યાની વાત કરવામાં આવે તો બહુમતિ માટે યુપીએ સરકારને ૨૭૨ના આંકડાની જરૂર પડે છે. યુપીએ પાસે કુલ ૨૪૮નું સંખ્યાબળ છે. ડીએમકેના ૧૮ સભ્યો નીકળી ગયા બાદ આ સંખ્યાબળ હવે ઘટીને ૨૩૦ થઈ ગયું છે. જો કે યુપીએ સરકાર ઉપર હાલ કોઈ ખતરો દેખાઈ રહ્યો નથી. કારણ કે સરકારને બહારથી ટેકો આપનારનું સંખ્યાબળ ૫૯ જેટલું છે. યુપીએ પાસે ૨૪૮નું અગાઉ સંખ્યાબળ હતું જેમાં ડીએમકેના ૧૮ સભ્યોનો સમાવેશ થાય છે. સરકારને બહારથી ટેકો આપનારમાં સમાજવાદી પાર્ટીના ૨૨, બહુજન સમાજ પાર્ટીના ૨૧, આરજેડીના ૪, જેડીએસના ૩, અપક્ષના ૯ સભ્યોનો સમાવેશ થાય છે. નીતિશકુમારની પાર્ટી પણ પ્રવર્તમાન સંજોગોમાં યુપીએને ટેકો આપી શકે છે. કરુણાનીધીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો નથી. ડીએમકેએ હમેશા તમિળ લોકો માટે કામ કર્યું છે. તમિળો સામે વોર ક્રાઈમ મામલે શ્રીલંકન સરકાર સામે કઠોર વલણ અપનાવવાની જરૂર છે. કરુણાનીધીએ એમ પણ કહ્યું હતું કે સંસદ બે સુધારાને લઈને વધુ કઠોર વલણ અપનાવશે. શ્રીલંકન સેના અને વહીવટીકારો દ્વારા ઈલમ તમિળો ઉપર હાલમાં અયોગ્ય વર્તન કરાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં ભારત સરકારે ઠરાવ પસાર કરીને પગલાં લેવાની જરૂર દેખાઈ રહી છે. કરુણાનીધિએ એમ પણ કહ્યું હતું કે તેમની પાર્ટીના પ્રધાનો યુપીએ સરકારમાંથી રાજીનામું આપી રહ્યાં છે. શ્રીલંકામાં તમિળોના માનવ અધિકારોનો ખુલ્લો ભંગ થઈ રહ્યો છે આવી સ્થિતિમાં અમે સરકાર સાથે રહેવા ઈચ્છુક નથી. ડીએમકે સરકારમાંથી નિકળી જતા સંસદમાં કોંગ્રેસને માત્ર ૨૩૨ સાંસદોનો ટેકો છે.

સરકાર સામે કોઈ ખતરો નથી : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા. ૧૯

યુપીએ સરકાર સાથે ટેકો પાછો ખેંચી લેવાનો ડીએમકે દ્વારા નિર્ણય કરવામાં આવ્યા બાદ કેન્દ્રની સરકાર સામે કોઈ સંકટ હોવાનું આજે નાણાંમંત્રી ચિદમ્બરમે સાફ ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે યુપીએ સરકારને સંસદમાં બહુમતિ મળેલી છે. શ્રીલંકાના મુદ્દે ટેકો પાછો ખેંચી લેવાની ડીએમકેની જાહેરાત બાદ ચિદમ્બરમે કહ્યુ હતુ કે સરકાર સ્થિર છે અને લોકસભામાં બહુમતિ છે. યુપીએ સરકાર સત્તામાં યથાવત રહેશે. બીજીબાજુ ચિદમ્બરમે એમ પણ કહ્યુ હતુ કે સરકારને કોઈ ખતરો નહીં હોવા છતાં શ્રીલંકન મુદ્દા પર ધ્યાન આપશે. ડીએમકેની માંગ અંગે રાજકીય પક્ષો સાથે વાતચીત ચાલી રહી છે. સંસદે શ્રીલંકામાં માનવ અધિકારના ભંગ મામલે ઠરાવ પસાર કરવાની માંગ ડીએમકે દ્વારા કરવામાં આવી ચુકી છે. ચિદમ્બરમે કહ્યુ હતુ કે પક્ષ પ્રમુખ સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ કોર ગ્રુપે ડીએમકે દ્વારા કરવામાં આવેલા બે સુચનો પર વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે. કરૂણાનિધીના વલણ અંગે સ્પષ્ટીકરણ મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ચિદમ્બરમે કહ્યુ હતુ કે કરૂણાનિધિનું નિવેદન યોગ્ય છે. ડીએમકે તેના નિર્ણય પર ફેર વિચારણા કરશે કે કેમ તે અંગે પુછવામાં આવતા ચિદમ્બરમે કહ્યુ હતુ કે મીડિયાના અહેવાલ મુજબ

ડીએમકેના પ્રમુખ કહી ચુક્યા છે કે જો સંસદ સમક્ષ ઠરાવ લવાશે તો તેમના નિર્ણય અંગે ફેર વિચારણા કરશે. સરકારની સ્થિરતા સામે કોઈ ખતરો નથી. લોકસભામાં બહુમતિ ધરાવે છે. ડીએમકેના લોકસભામાં ૧૮ સભ્યો છે. ડીએમકેના ટેકા સાથે યુપીએ ૫૪૩ સભ્યોના ગૃહમાં ૩૦૩ સાંસદો ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચિદમ્બરમે, સંરક્ષણ મંત્રી એન્ટોની, ગુલામ નબી આઝાદ સોમવારે કરૂણાનિધિને મળ્યા હતા અને કહ્યુ હતુ કે તેમના દ્વારા કરવામાં આવેલી માંગ મુજબ જરૂર પડશે તો ઠરાવ લવાશે. સરકાર સ્થિર હોવાની વાત કોંગ્રેસના નેતાઓ દ્વારા પણ કરવામાં આવી હતી. બીજીબાજુ સરકારે શ્રીલંકન તમિળ મુદ્દે સંસદમાં ઠરાવ લાવવા તૈયારી પણ હાથ ધરી છે. કોંગ્રેસ કોર ગ્રુપની મિટિંગમાં આ નિર્ણય લેવાયો હતો. જો કે ડીએમએકે સાફ શબ્દોમાં કહ્યુ છે કે જો ભારત સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદમાં મજબુત ઠરાવને ટેકો આપશે અને સંસદમાં ઠરાવ લાવશે તો જ આ મુદ્દે ફેર વિચારણા કરશે.

સુધારેલા ફુડ સિક્યુરીટી બિલને કેન્દ્રિય કેબિનેટની અંતે બહાલી

નવી દિલ્હી,તા. ૧૯

કેન્દ્રિય કેબિનેટે આજે અતિમહત્વપૂર્ણ નિર્ણય લઈને સુધારવામાં આવેલા ફુડ સિક્યુરીટી બિલને લીલીઝંડી આપી દીધી હતી. કેન્દ્રિય કેબિનેટની આ મંજુરીને ઐતિહાસિક ગણાવવામાં આવે છે. સુધારેલ ફુડ સિક્યુરીટી બિલમાં પ્રતિ મહિને પ્રતિ પરિવાર ૩૫ કિલો અનાજનો પુરવઠો ચાલુ રાખી અત્યાંદય અન્ન યોજના હેઠળ ૨.૪૩ કરોડ સૌથી ગરીબ પરિવારોને રક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ બિલમાં ઘણી બધી મહત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે. આ બિલના ભાગરૂપે દર મહિને પ્રતિ વ્યક્તિ પાંચ કિલોગ્રામ રાશન માટે ૬૭ ટકા નાગરિકો હક્કદાર રહેશે જેના ભાગરૂપે ચોખા માટેનો ભાવ રૂપિયા ત્રણ પ્રતિકિલો રહેશે જ્યારે ઘઉં માટેનો ભાવ બે રૂપિયા કિલો રહેશે. જ્યારે એક રૂપિયા પ્રતિકલો અન્ય અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ યોજના પર સરકારી ખજાનાથી એક લાખ ૨૩ હજાર કરોડનો વાર્ષિક ખર્ચ થશે. સરકાર પર બોજ વધશે. ખાદ્ય સુરક્ષાના મૂળભૂત મુસદ્દામાં ઘણી જોગવાઈ હતી પરંતુ તેમાં સુધારો કરવામાં આવ્યો હતો. બિલમાં દેશની બે તૃતિયાંશ એટલે કે ૬૭ ટકા વસ્તીને સસ્તાદરે અનાજ ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ કરવામાં આવી છે. સંસદમાં આ બિલ પસાર થઈ ગયા બાદ દેશના ૮૦ કરોડ લોકોને મફતમાં ભોજન મળી શકશે. કેબિનેટે સોનિયા ગાંધીના મહત્વકાંક્ષી ફુડ સિક્યુરીટી બિલને મંજુરી આપી દેવામાં આવી છે. હવે આ બિલને શુક્રવારે સંસદમાં રજુ કરવામાં આવશે. આ બિલમાં અનેક મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. ખાદ્યસુરક્ષા બિલ હેઠળ દરેક વ્યક્તિને મહિને પાંચ કિલો અનાજની જોગવાઈ છે. આ મુસદ્દાને વર્ષ ૨૦૧૧માં લોકસભામાં રજુ કરવામાં આવ્યો હતો. સરકારે સાત રૂપિયા પ્રતિકિલો ઘઉં, બે રૂપિયા પ્રતિકિલો અને ત્રણ રૂપિયા પ્રતિકિલો ચોખા આપવાની દરખાસ્ત રજુ કરી હતી જો કે આની સામે યોગ્ય ગણતરી કરવા માટે રજુઆત કરવામાં આવી હતી.

જાણીજોઈને ડિફોલ્ટર થવા સામે પ્રમોટર્સને નાણાંમંત્રીની ચેતવણી

નવી દિલ્હી, તા. ૧૯

કેન્દ્રના નાણાપ્રધાન પી. ચિદમ્બરમે કોર્પોરેટ જગતના મહારથીઓને જાણી જોઈને ડિફોલ્ટ થવા સામે ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે, કંપનીઓને વધારે મૂડીની જરૂર પડે તો મૂડીની વ્યવસ્થા કરવી એ પ્રમોટર્સની ફરજ બને છે. કિંગ ફિશરના એરલાઈન્સના પત્રનો આડકતરો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે પ્રમોટર ધનાઢ્ય હોય અને કંપની મોટી હોય તે નયાલે કિંગ ફિશરને લોન, આપનારી બેન્કોના રૂા. ૭૦૦૦ કરોડ અટવાઈ ગયા છે. પરંતુ કંપનીના પ્રમોટરો વિજય માલ્યાએ વ્યક્તિગત રીતે બહુ ગુમાવ્યું નથી. દેશની સૌથી મોટી બેન્ક સ્ટેટ બેંકે જણાવ્યું હતું કે, માંદી એરલાઈનને આપેલી લોન રિકવર કરવા માટે તે શક્ય તમામ પગલાં લઈ રહી છે. નાણાંપ્રધાને જણાવ્યું હતું કે, બેન્કો બેંક લોન રિકવર કરવા પ્રયાસ કરશે પરંતુ ઉદ્યોગને આંચકો લાગે તેવી કોઈ કાર્યવાહી નહીં કરે તેનાથી એવા સંકેત મળશે કે એનપીએથી દબાયેલી બેન્કો એવા કોઈ પગલાં નહીં લે. જેથી આર્થિક રિકવરીને અસર થાય. દિલ્હીમાં તાજેતરમાં સરકારી માલિકીની બેન્કોના વડાઓ સાથે ચર્ચા કર્યા બાદ નાણાંપ્રધાને આ વાત કરી હતી. પાવર કોલસો આયર્ન સ્ટીલ અને માર્ગ પરિવહન જેવા સેક્ટરમાં અટવાઈ ગયેલા પ્રોજેક્ટને ચિંતાનું કારણ જણાવ્યું હતું. હાલમાં રૂા. ૭ લાખ કરોડનું રોકાણ ધરાવતા લગભગ ૨૧૫ પ્રોજેક્ટો અટવાઈ ગયા છે. અને બેન્કોએ તેના માટે રૂા. ૫૪૦૦૦ કરોડની લોન ફાળવી છે. સરકારે પ્રોજેક્ટ અટવા જવા પાછળ મુખ્ય કારણો ઓળવ્યા છે. તેમાં કોલસાનું લિંકેજ પર્યાવરણીય ક્લિયરન્સ જમીન સંપાદન સામેલ થાય છે. હવે સ્થિતિ સુધારશે તેવું આશા વધુ પ્રબળ બને છે.

રત્નાગીરીમાં બસ નદીમાં ખાબકી જતાં ૩૭ લોકોના કરુણ મોત થયા

રત્નાગીરી,તા. ૧૯

ગોવાથી મુંબઈ તરફ આવી

રહેલી બસ આજે વહેલી પરોઢે નદીમાં ખાબકી જતાં તેમાં મુસાફરી કરી રહેલા ઓછામાં ઓછા ૩૭ લોકોના મોત થઈ ગયા હતા અને અન્ય ૧૬ લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે વિગત આપતા કહ્યું છે કે આજે વહેલી પરોઢે સાડા ત્રણ વાગ્યાની આસપાસ રત્નાગીરી જિલ્લાના ખેડની નજીક બસ જગબુડી નદીમાં ખાબકી ગઈ હતી. પોલીસનું કહેવું છે કે ગોવા-મુંબઈ રાજમાર્ગ ઉપર પુલ પાર કરતી વેળા બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવી દીધો હતો. રાહત અને બચાવ કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે.

દરિયાકાંઠાના કોકર વિસ્તારના રત્નાગીરી જિલ્લામાં આ બનાવ બન્યો હતો. બસ મુંબઈ તરફ આવી રહી હતી. પોલીસનું કહેવું છે કે પોલીસે સમગ્ર મામલામાં ઉંડી તપાસ હાથ ધરી છે. બસના ડ્રાઈવરે નસો કરેલો હતો કે કેમ તેને લઈને પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આ બસમાં કેટલાક વિદેશી યાત્રીઓ પણ હતા.

આંતરરાષ્ટ્રીય સરહદે ૧૦ કિલો હેરોઈન જપ્ત

નવી દિલ્હી,તા. ૧૯

બીએસએફના જવાનોએ એક કુખ્યાત દાણચોરને ઠાર મારીને ૧૦ કિલોગ્રામ હેરોઈનનો જથ્થો અને શસ્ત્રોનો જથ્થો કબજે કર્યો છે. સરહદ સુરક્ષાદળના જવાનો અને દાણચોરો વચ્ચે ગઈકાલે મોડી રાત્રે પાકિસ્તાન સાથેની અંતરરાષ્ટ્રીય સરહદ નજીક ભીષણ અથડામણ થઈ હતી. આ અથડામણ દરમિયાન એક ભારતીય દાણચોરનું મોત થયુ હતુ જ્યારે એક પાકિસ્તાની દંપતિને ઇજા થઈ હતી. દાણચોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યા બાદ બીએસએફએ સમગ્ર વિસ્તારમાં તપાસ હાથ ધરતા ૫૦ કરોડની કિંમતનો હેરોઈનનો જથ્થો જપ્ત કર્યો હતો. આ ઉપરાંત એક જર્મન પિસ્તોલ અને ચાર રાઉન્ડ દારૂગોળો પડકી પાડ્યો હતો. અન્ય કેટલાક હથિયારો પણ મળી આવ્યા હતા. હેરોઇનની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૫૦ કરોડની આસપાસની છે. બીએસએફના ઇન્સ્પેક્ટર જનરલ આદિત્ય મિશ્રાએ કહ્યુ છે કે દાણચોરીનો પ્રયાસ ફિરોજપુર સેક્ટરમાં કરવામાં આવ્યો હતો. બીએસએફને આ પ્રયાસને રોકવામાં સફળતા મળી હતી.

ટુજી કેસમાં ભારતી એરટેલના ચેરમેન મિત્તલ સામે સમન્સ

નવી દિલ્હી, તા.૧૯

દેશની સૌથી મોટી મોબાઈલ ટેલીકોમ કંપની ભારતી સેલ્યુલર લીમીટેડના ચેરમેન કમ મેનેજીંગ ડીરેક્ટર સુનિલ ભારતીને દિલ્હી કોર્ટે આજે સમન્સ ફટકાર્યું હતું. ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ શાસનકાળ દરમિયાન વધારાના સ્પેક્ટ્રમ મેળવવા દરમિયાન થયેલ ગેરરીતિના કેસ સંદર્ભે મિત્તલ ઉપરાંત એસ્સારગ્રુપના પ્રમોટર રવિ રૂઈયા અને અન્ય પાંચને સમન્સ ફટકારવામાં આવ્યા છે.

મિત્તલ અને રૂઈયા ઉપરાંત હચીસન મેકરા ટેલીકોમ પ્રાઈવેટ લીમીટેડ અને ટેલીકોમ વિભાગના પૂર્વ સચિવ શ્યામલ ઘોષને પણ ૧૧મી એપ્રિલે કોર્ટમાં હાજર રહેવા સમન્સ ફટકારવામાં આવ્યા છે. સીબીઆઈએ તેની ચાર્જશીટમાં એક માત્ર શ્યામલ ઘોષ અને ત્રણ ટેલીકોમ કંપની ભારતી સેલ્યુલર લીમીટેડ, હચીસન મેકરા ટેલીકોમ પ્રાઈવેટ

લીમીટેડ (હાલની વોડાફોન ઈન્ડીયા લીમીટેડ) અને સ્ટરલીંગ સેલ્યુલર લીમીટેડ (હાલની વોડાફોન મોબાઈલ સર્વિસ લીમીટેડ)નો ઉલ્લેખ છે. પરંતુ મિત્તલ, રૂઈયા અને અસિમ ઘોષનો ચાર્જશીટમાં આરોપી તરીકે ઉલ્લેખ નથી.

સ્પેશ્યલ જજ ઓપી સૈનીએ મિત્તલ, રૂઈયા અને અસીમ ઘોષ વિરૂદ્ધ સમન્સ જારી કરતાં કહ્યું હતું કે, તેઓ જે તે કંપનીની બાબતોનું નિયંત્રણ ધરાવતા હોવાથી પ્રથમ દર્શનીય આરોપી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ઘટના સમયે સુનિલ ભારતી ભારતી સેલ્યુલર લીમીટેડના ચેરમેન કમ એમડી હતા. અસીમ ઘોષ હચીસન મેકરા ટેલીકોમ પ્રાઈવેટ લીમીટેડના એમડી હતા અને રવિ રૂઈયા સ્ટરલીંગ સેલ્યુલર લીમીટેડના નિર્દેશક હતા. તેઓ બોર્ડની મીટીંગનું પ્રમુખ સ્થાન સંભાળે છે. તેથી તેઓ સંબંધિત કંપનીની બાબતોથી માહિતગાર હોય તે સ્વભાવિક છે.

તેઓ તેમની દૃષ્ટિની કંપની ચલાવતા હોય અને તેમની યોજના પ્રમાણે જ કંપની આગળ વધતી હોય તે પણ સ્વભાવિક છે. તેથી કંપનીના કામ માટેની તમામ જવાબદારી બદલ તેઓને જવાબદાર ગણવા જ પડે. જેથી આ આરોપ તેમના પર ગણાય. તેમની વિરુદ્ધ કોર્ટે કાર્યવાહી કરવા માટે પૂરતાં પૂરાવા અને દસ્તાવેજો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, રૂઈયા પહેલાથી જ ટુજી કૌભાંડનો સામનો કરી રહ્યા છે. ૫૭ પાનાની ચાર્જશીટમાં સીબીઆઈએ શ્યામલ ઘોષ અને ત્રણ ટેલીકોમ કંપનીઓ વિરૂદ્ધ ગુનાહિત ષડયંત્રની કલમ ૧૨૦-બી અને ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ ગુનો નોંધ્યો છે.

Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

ત્યાં તો એ બોલ્યાં, ''તમને એ જુદું લાગે છે, પણ હમણાં જ હું સાબિત કરી શકું છું.'' પછી એમણે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછ્યો. ''કહો, જોઈએ એ બધા દેશોમાં સર્વશ્રેષ્ઠ દેશ કયો?'' બધાં એક અવાજે બોલ્યાં, ''ભારત.'' હવે એ કહો કે, ''ભારત દેશમાં સૌથી શ્રેષ્ઠ રાજય કયું?'' બધાં વિદ્યાર્થીઓ એક અવાજે બોલ્યાં, ''ગુજરાત.'' વળી ત્રીજો પ્રશ્ન આવ્યો, ''હવે, એ કહો કે ગુજરાત રાજયમાં સૌથી શ્રેષ્ઠ નગર કયું?'' બધા બોલ્યાં, ''ગાંધીનગર.'' અને ''ગાંધીનગરમાં શ્રેષ્ઠ કૉલેજ કઈ?'' બધાં બોલ્યાં, ''ઉમા આર્ટ્સ કૉલેજ'' કારણ આ બધાં ત્યાં જ ભણતાં હતા, એટલે આવો ઉત્તર સ્વાભાવિક હતો.

પાછા પ્રોફેસર ફોર્મમાં આવ્યાં, ''હવે, એ બતાવો કે બધાં વિષયોમાં શ્રેષ્ઠ વિષય કયો?'' હવે વિદ્યાર્થીઓ બધાં તર્કશાસ્ત્રનાં મુખ્ય વિષયવાળા જ હતા એટલે સ્વાભાવિક જવાબ આપ્યો, ''તર્કશાસ્ત્ર'' અને હવે છેલ્લો સવાલ ''તમે એ કહો કે તર્કશાસ્ત્રનાં શ્રેષ્ઠ પ્રૉફેસર કોણ છે?'' સ્વાભાવિક પણ એક વિષયનાં એક નિષ્ણાંત સર હોય અને અહીં પણ આ એકમાત્ર તર્કશાસ્ત્રનાં સર હતા, એટલે બીજો જવાબ વિદ્યાર્થીઓ આપે ક્યાંથી? એટલે એ જ બોલ્યાં, ''કે હવે તમે જ કહો હું વિશ્વનો સર્વશ્રેષ્ઠ પ્રોફેસર ખરો કે નહીં?''

જોયું ને પ્રોફેસરે સિધ્ધ કરી દીધું, એટલે લૉજીક સારૂં જોઈએ. તમારી પાસે ગમે તેવી સારી ટેકનોલોજી, સાધનો, કોમ્પ્યુટર, ગાડી, મોબાઈલ, બધું હશે પણ જો લોજીક સારૂં નહી હોય તો આ બધું વ્યવસ્થિત વાપરી પણ નહીં શકો, લોજીકમાં જો લચ્છા માર્યા તો ભલબલી ડીગ્રી તમારી ધૂણધાણી થઈ જશે...!!

ચૂંટલો :

મોટાં ભાગનાં બધાં જ ક્ષેત્રનાં નામાંકીય થયેલી વ્યક્તિઓ કદાચ ગોલ્ડ મેડાલીસ્ટ નહીં હોય, પણ જો થોડુંક ધ્યાનથી જોશો તો સમજાશે કે એમનું લૉજીક સૉલીડ હશે. કોઈ પણ ક્ષેત્રે સફળ થવા લૉજીકનાં શસ્ત્રની ધાર કાઢી રાખવા જેવી ખરી, સફળતાની ગેરંટી છે.

શિખર ધવન ઓસ્ટ્રેલિયાની સામે ચોથી ટેસ્ટમાં નહી રમે

નવી દિલ્હી,તા. ૧૯

ઓસ્ટ્રેલિયાની સામે ત્રીજી ક્રિકેટ ટેસ્ટ મેચમાં પોતાની ટેસ્ટ કેરિયરની શરૂઆત કરનાર શિખર ધવન ચોથી ટેસ્ટ મેચમાં રમનાર નથી. ટેસ્ટ કેરિયરની પ્રથમ ટેસ્ટમાં જ શાનદાર સદી કરીને ઉંચા શિખરો સર કરનાર શિખર ધવન ઘાયલ થઈ ગયો હોવાના અહેવાલ મળ્યા છે જેથી તે ચોથી ટેસ્ટમેચમાં રમી શકશે નહી. ભારત માટે આ નિરાશાજનક સમાચાર છે. શિખર ધવને કેરિયરની પ્રથમ ટેસ્ટ મેચમાં જ શાનદાર સદી ફટકારી હતી. તેની તોફાની સદીના પરિણામ સ્વરૂપે ભારતે ઓસ્ટ્રેલિયાને મોહાલી ટેસ્ટ મેચમાં માત્ર ચાર દિવસમાં જ હાર આપી હતી. ટીમ ઈન્ડિયા ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં હાલ ૩-૦ની લીડ ધરાવે છે અને શ્રેણી પોતાના નામ પર ભારત કરી ચુકયુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શિખર ધવનના હાથમાં ઈજા થયેલી છે જેના પરિણામ સ્વરૂપે સોમવારના દિવસે મોહાલી ટેસ્ટના અંતિમ



દિવસે તે મેદાન પર ફિલ્ડીંગ કરવા આવી શક્યો ન હતો અને ભારતની બીજી ઈનિંગ્સમાં તે બેટિંગ માટે પણ ઉતર્યો ન હતો.

કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ કહ્યુ હતુકે શિખર ધવન ચોથી ટેસ્ટ મેચમાં કદાચ રમી શકશે નહીં. ત્રીજી ટેસ્ટ મેચના ચોથા દિવસે ફિલ્ડીંગ કરતી વેળા શિખર ધવનના ડાબા હાથમાં ઈજા થઈ ગઈ હતી. ધોનીએ મેચ બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે શિખર ધવન ચોથી ટેસ્ટ મેચમાં રમી શકશે નહીં.

આ સંબધમાં જરૂરી ચકાસણી કરવામાં આવી રહી છે. શિખર ધવને ભારતની પ્રથમ ઈનિંગ્સમાં ૧૬૮ બોલમાં ૧૮૫ રનની તોફાની ઈનિંગ્સ રમી હતી અને ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશતાની સાથે જ સૌથી ઝડપી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો હતો. શિખર ધવને ૮૫ બોલમાં સદી પૂરી કરી હતી આની સાથે જ તે સૌથી ઝડપી ટેસ્ટ સદી ફટકારનાર વિન્ડિઝના ડેવેન સ્મિથના રેકોર્ડને તોડવામાં સફળ થયો હતો અને મેન ઓફ ધ મેચ તરીકે જાહેર થયો હતો.

સમાચાર ઝલક

- **પુનાથી રત્નાગીરી બસને અકસ્માત, ૩૬નાં મોત અનેક ઇજાગ્રસ્ત.**
- **હવે રાષ્ટ્રીયકૃત બેંકો પણ મહિલા શાખા શરૂ કરશે.**
- **રાજયનો પ્રથમ એક્સપ્રેસ હાઇવે અમદાવાદ-ધોલેરા વચ્ચે બનશે.**
- **સાઉદી અરેબિયાએ હજ માટે ભારતીયોને ૧૭૦,૦૦૦ હાજીઓને મજૂંરી આપેલ છે.**
- **રૂા. ૩૪,૦૦૦નું દેવું નહીં ચુકવી શકનાર ખેડૂતે બે પુત્રીઓ ગીરવે મુકી!**
- **પેટ્રોલ-ડીઝલની ખેંચ સર્જાવાની શક્યતા.**
- **કાશ્મીરમાં સીઆરપીએફમાં આક્રોશ, શસ્ત્રો છીનવી લાકડી પકડાવાઇ.**
- **ફોલ્ટી જીન પુરૂષોમાં પ્રોસ્ટેટ કેન્સર માટે પણ જવાબદાર છે.**
- **વેકેશનમાં બોલીવુડ ૨૫ નાની-મોટી ફિલ્મ રિલીઝ કરશે.**
- **માણાવદરમાં એચઆઇવીના ખોટા રિપોર્ટ બદલ ડોકટર સામે ફરિયાદ.**
- **ગોંડલ નજીક ખાટકીઓ દ્વારા જીવદયા પ્રેમીઓને ટ્રક હેઠળ કચડવાનો પ્રયાસ.**
- **કાશી-ગયા-જયપુર-પૂના ઉપર ત્રાસવાદીઓનો નજર.**
- **ફેરિયા-લારીવાળાઓને કાનૂની રક્ષણ આપવા કેન્દ્રની તૈયારી.**
- **કેન્દ્ર સરકાર ગરીબોને મોબાઇલ મફત આપવા વિચારે છે.**
- **ગૃહિણીઓ આનંદો... ૪૮ કલાકમાં ગેસ બાટલો આપવાની તૈયારી.**
- **શ્રીલંકા વિષેના ઠરાવથી સરકાર ભીંસમાં, ડીએમકેની ચેતવણી.**
- **અણ્ણા હજારે-કેજરીવાલ અનશન દિલ્હીમાં સાથે કરશે.**
- **જાતિય સતામણી દુષ્કર્મ બીલ, અન્ન સુરક્ષા બીલ સંસદમાં રજૂ થશે.**
- **સાયપ્રસમાં સંસદ સામે દેખાવો, નાણાકીય કટોકટી વાળી હાલત.**
- **પોપની પહેલી પ્રાર્થના માટે તડામાર તૈયારીઓ.**
- **વેપારી વનમાં ન શોભે, બાવો કયારેક બેંકમાં ન શોભે : પૂ. મોરારિબાપુ**